ગાંધીનગર સમાચાર
તા. ૨૭-૮-૨૦૧૩, મંગળવાર

તંત્રી સ્થાનેથી.....

પરિક્રમા : ધર્માર્થે કે સત્તા કાજે?

રામલલાના નામે લાલકૃષ્ણ અડવાણીએ આરંભેલી રાજકીય યાત્રા ભારતીય જનતા પાર્ટીને ફળી હતી. એથી હિંદુ મતોનું જે ધ્રુવીકરણ થયેલું તે ભાજપની દાઢે વળગેલું છે. રામલલાનો કસ પૂરેપૂરો કાઢી શકાયો નહોતો અથવા કહો કે વચ્ચે ભાજપના નેતૃત્વવાળી અટલ સરકારે છ-સાત વરસ રાજ કર્યું ત્યારે સિફત પૂર્વક 'એનડીએ' ગઠબંધનના કોમન મિનિમમ પ્રોગ્રામ હેઠળ એમને વખારે મૂકી દીધા હતા. વચ્ચે ડો. મનમોહનસિંહના નેતૃત્વ હેઠળ યુપીએ ગઠબંધનનું પૂરી બે ટર્મ સુધી શાસન ચાલતું રહ્યું ત્યારે પણ કોઈને રામલલા યાદ નહોતા આવ્યા. હવે ફરી પાછા રામલલાના માઠા દિવસો બેઠા છે. અમિત શાહે એમના મહાન નેતાના પ્રતિનિધ તરીકે રામલલાની મુલાકાત લઈ એમનું અધૂરું રહી ગયેલું મંદિર બાંધી આપવાનું ખરુંખોટું આશ્વાસન આપી ઉત્તરપ્રદેશની ઍંશી બેઠકો પર મોટો મદાર બાંધ્યો છે. ભાજપનો આ રાજકીય ઉદ્દેશ પાર પાડવા માટે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ એવી વિશ્વ હિંદુ પરિષદ અને બજરંગદળ સેનાને સાબદી કરે ત્યાં સુધી તો સમજાય; પણ ચોરાશી કોસ પરિક્રમાના નામે એણે દેશભરના સાધુબાવા તથા ભલીભોળી શ્રદ્ધાળુ પ્રજાને પણ પોતાનો ગર્ભિત ઉદ્દેશ સિદ્ધ કરવા માટે જોતર્યાં છે. ધાર્મિક સ્વાતંત્ર્ય એ ભારત બંધારણ દ્વારા એના નાગરિકોને આપવામાં આવેલ મૂળભૂત અધિકાર છે. પરંતુ આ અધિકારનો દુરુપયોગ થતો રોકવાનો પણ રાજ્ય તથા કેન્દ્ર સરકારને અધિકાર છે. ઉત્તરપ્રદેશની લોકપ્રિય અખિલેશ સરકારને ભાજપ પ્રેરિત ધર્મયાત્રાના ગોપનીય ઉદ્દેશનો અંદાજ ન આવે તો એ મૂર્ખ જ ગણાય. ઉત્તરપ્રદેશના શાંત વાતાવરણમાં રામલલાના નામે કે પંચકોશી યાત્રાના નિમિત્તે પથરો નાખવાનો પ્રયાસ કરે તો એથી ઊભી થનારી સંભવિત પરિસ્થિતિનો આગોતરો મુકાબલો કરવાની દૃષ્ટિએ ઉ.પ્ર. સરકારે પરિક્રમા પર પ્રતિબંધ લગાવી દીધો હતો. ભાજપને પણ કદાચ આટલું જ જોઈતું હતું; યાત્રા તો ગૌણ બાબત હતી, મુખ્ય બાબત તો હિંદુ પ્રજાને એક ખણખણતો સંદેશ પાઠવવાનો હતો. ભાજપ અને ફક્ત ભાજપ જ દેશના હિંદુઓના ધાર્મિક હક્કોનું રક્ષણ કરી શકે એમ છે, એવો એક સ્પષ્ટ સંદેશ વિશ્વહિંદુ પરિષદ અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સમસ્ત દેશમાં પહોંચાડવા પ્રયાસ કરી રહ્યાં હતાં. એમની યાત્રાને ઉ.પ્ર. સરકારે અધવચ્ચે અટકાવી દઈ અશોક સિંહલ, પ્રવીણ તોગડિયા અને વિહિપ સાથે સંકળાયેલા કેટલાક સાધુસંતોની ધરપકડ કરી તેથી એમનો મૂળ ઉદ્દેશ પાર પડી ગયો છે. આ યાત્રા એવા વિસ્તારોમાં થઈ પસાર થવાની હતી જે પૈકી મોટા ભાગની સંસદીય બેઠકો ગત લોકસભાની ચૂંટણીમાં કૉંગ્રેસે કબજે કરી હતી. ભાજપ એના હિંદુકાર્ડને ચીપીને કૉંગ્રેસને નુકસાન કરશે, બીજી તરફ સમાજવાદી પાર્ટી એની મુસ્લિમ વોટ બૅંક મજબૂત કરશે. બેઉ તરફથી કૉંગ્રેસને માર પડવાની સંભાવના દેખાતી હોઈ કેટલાક રાજકીય નિરીક્ષકો આ આખી ધાર્મિક પરિક્રમાને સપા અને ભાજપાની 'મિલીભગત' માની રહ્યા છે. આગામી દિવસોમાં આ વિસ્તારમાં ફરી એકવાર ધર્મ અને રામલલાના નામે પલીતો ચંપાશે તો બનવાજોગ કે દેશ આખો સાંપ્રદાયિકતાના વાવાઝોડામાં ફસાઈ જશે. ભાજપ નરેન્દ્ર મોદીના નેતૃત્ત્વ હેઠળ એકલે હાથે ૨૭૨+ બેઠકો કબજે કરવાનાં સપનાં સેવી રહ્યું છે તે સિદ્ધ કરવામાં આવું વૈમનસ્યપૂર્ણ વાતાવરણ એને કેટલું મદદરૂપ બનશે એ તો સમય જ કહી શકશે. હાલ પૂરતું કરાયેલું રિહર્સલ આગામી દિવસોમાં પૂરેપૂરું ભજવાશે એનાં ઍંધાણ મળી ચૂક્યાં છે, પરંતુ આવાં ગતકડાં ધાર્મિક પ્રજાને દરવખતે ગેરમાર્ગે દોરી જ શકે, એવું માની લેવું જરા વધુ પડતું જ લેખાશે.

આજે ગુજરાત શિક્ષણ બોર્ડની સામાન્ય સભામાં ચર્ચા કરાશે

શિક્ષણ બોર્ડ દ્વારા માટે સમિતિના સભ્યોની નિમણુંક માટે જાહેરનામુ પણ પહેલાથી જારી કરવામાં આવી ચુક્યુ છે

અમદાવાદ, તા.૨૬

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર શિક્ષણ બોર્ડની ચૂંટણી પૂર્ણ થઈ ચુકી છે અને નવા બોર્ડ સભ્યોની વરણી પણ ચૂકી છે ત્યારે આવતીકાલે શિક્ષણ બોર્ડની સામાન્ય સભા મળશે. જેમાં શિક્ષણ બોર્ડની ચાર સભ્યોની નિમણુંક કરવામાં આવશે. આ માટે શિક્ષણ બોર્ડ દ્વારા માટે સમિતિના સભ્યોની નિમણુંક માટે જાહેરનામુ પણ પ્રસિદ્ધ કરી દેવામાં આવ્યું છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યિમક શિક્ષણ બોર્ડ ગાંધીનગરની સામાન્ય સભા આવતીકાલે મળશે, જેમાં કારોબારી, પરીક્ષા, શૈક્ષણિક અને નાણાં સમિતિના હોદ્દેદારોની ચૂંટણી ચૂંટાયેલા સભ્યોમાંથી થનાર હોય શિક્ષણ જગતમાં ફરી ગરમાવો આવી ગયેલ છે, શિક્ષણ બોર્ડ દ્વારા બોર્ડની આ ચારેય સમિતિની ચૂંટણીનું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું જે મુજબ ફોર્મ તારીખ ૧૩ થી ૨૧ ઓગસ્ટ દરમિયાન ભરાયા હતા. આ સમિતિઓ પૈકી કારોબારી સમિતિ મહત્વની હોય જેમાં સ્થાન પામવા માટે ચૂંટાયેલા બોર્ડ સભ્યોએ અંતિમ સમય સુધી લોબીંગ કરી પોતાનું સ્થાન નિશ્ચિત બનાવવા પ્રયત્નો કર્યા હતા. આ સમિતિમાં શિક્ષણ બોર્ડની સામાન્ય ચૂંટણીમાં ચૂંટયેલા સભ્યો પૈકી ૭ સભ્યોને સ્થાન મળશે. તેથી શિક્ષણ બોર્ડમાં સૌથી મહત્વની એવી આ સમિતિમાં સ્થાન મેળવવા માટે અનેક સભ્યો મેદાનમાં આવી ગયા છે. જ્યારે પરીક્ષા સમિતિમાં ચૂંટાયેલા સભ્યો પૈકી ૬ સભ્યો હોય છે, જ્યારે શૈક્ષણિક સમિતિમાં ૫ સભ્યો હોય છે, નાણાં સમિતિમાં ૪ સભ્યો હોય છે, ઉલ્લેખનીય છે કે તારીખ ૨૦ જુલાઈના રોજ શિક્ષણ બોર્ડના સભ્યપદની ચૂંટણી લોકશાહી ઢબે યોજાયા બાદ હવે આવતીકાલે રાજ્યના શિક્ષણ બોર્ડ દ્વારા સામાન્ય સભા બોલાવવામાં આવેલ છે. જેમાં થનારી ચાર સમિતિના હોદ્દેદારોની ચૂંટણીમાં ૨૬ તાજેતરમાં ચૂંટાયેલા સભ્યો, ૮ જુદી જુદી યુનિવર્સિટીના સભ્યો ૫ ધારાસભ્યો, ૩ સરકાર નિયુક્ત સભ્યો અને ૧૬ વર્ગ-૧ના અધિકારીઓ મળી કુલ ૫૮ જેટલા સભ્યો મતદાન કરશે.



લાગે છે મનપાએ મોડે મોડે દેડકા પકડ અભિયાન ચાલુ કર્યું ખરુ...!!

સચિવાલય જીમખાનાના રાષ્ટ્રીય કક્ષાએ રમત-ગમત ક્ષેત્રે સિદ્ધિઓ મેળવેલ સભ્યોનું સન્માન ગાંધીનગર ટાઉનહોલ ખાતે કરવામાં આવ્યું હતું. ટેબલ ટેનીસમાં શ્રીમતી એમ. બી. ભાઈજી, શ્રીમતી દિવ્યાબેન પંડ્યા તેમજ લોનટેનીસમાં શ્રી દિલીપ ઠાકર અને શ્રી રાજેશ એચ. ઠક્કરનું મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું.

વસંત કુંવરબા કન્યા વિદ્યાલયની બાળાઓ વિવિધ રમતોમાં મોખરે

ગાંધીનગર, તા. ૨૬

જિલ્લાકક્ષાએ ૧૭ અને ૧૦ વર્ષની બોક્સીંગ અને કીક બોક્સીંગની રમતમાં પ્રજાપતિ સ્નેહા, પ્રજાપતિ સંધ્યા, રાઠોડ શમા, ચૌધરી જ્યોતિ, પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ છે.

જુનીયર ટુર્નામેન્ટ કુસ્તીની સ્પર્ધામાં સિસોદીયા જયોતિ ડી. ૪૦ કિ.ગ્રા. માં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરીને ગોલ્ડ મેડલ મેળવેલ છે. તેમજ બારૈયા ખુશ્બુ ડી કુસ્તી સ્પર્ધામાં ૩૯ કિ.ગ્રા. તૃતીય સ્થાન પ્રાપ્ત કરેલ છે.

ગાંધીનગર જિલ્લામાં કારકિર્દી સપ્તાહમાં નિબંધ સ્પર્ધાઓ યોજાઈ હતી. પટેલ મિત્તલ દ્વિતીય નંબર પ્રાપ્ત કરીને શિલ્ડ મેળવેલ છે.

ગાંધીનગર જિલ્લાની શુટિંગ સ્પર્ધામાં મહેશ સોલંકી - જય મહેતાનો રેકોર્ડ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર ડિસ્ટ્રીકટ રાયફલ એસોસીએશન દ્વારા જિલ્લાકક્ષાની શૂટિંગ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં ૩૫૦ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. ૨૨ વર્ષથી આ સ્પર્ધા યોજાઈ રહી છે. ૨૨ વર્ષથી યોજાતી સ્પર્ધા ઓપન વિભાગમાં મહેશભાઈ સોલંકી ૯૪ પોઈન્ટ મેળવી ઓલ ટાઈમ હાઈ રેકોર્ડ કરેલ છે. સિનિયર ભાઈઓમાં જય એમ. મહેતાએ પણ હાઈ રેકોર્ડ પ્રાપ્ત કરેલ છે. આગામી સ્પર્ધા માટે પ્રેરણાદાયી બનશે.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રમુખ મહેશભાઈ સેક્રેટરી હિતેન્દ્રસિંહ રાઠોડ, ખજાનચી ગજેન્દ્રસિંહ બારડ, જોઈન્ટ સેક્રેટરી નટુભાઈ લાડાણી, યુવરાજસિંહ ઝાલા, તથા રેજ ઓફિસર જય મહેતા, વિમલ પ્રજાપતિએ સેવાઓ આપેલ હતા. સિનીયર પ્રેસીડન્ટ જસવંતસિંહ તથા આર.આઈ. પંડયાએ માર્ગદર્શન આપેલ હતું.

વિજેતા ઉમેદવારો સબ જુનીયર ગર્લ્સ પ્રથમ ધ્વનિ સોલંકી, દ્વિતીય પ્રયા લાડાણી, તૃતીય રિદ્ધિ સાતા, જુનીયર ગર્લ્સ પ્રથમ ધરાંગી પટેલ, દ્વિતીય કિન્નરી જાગરીયા, તૃતીય જહાન્વી આનંદ, સિનિયર ગર્લ્સ પ્રથમ મેઘાવી આનંદ, દ્વિતીય કિરણ સોલંકી, તૃતીય કાજલ વૈષ્ણવ. ઓપન ગર્લ્સ પ્રથમ ચેતના ચાવડા, દ્વિતીય સોનમ ઠક્કર, તૃતીય બીજલ પંડ્યા.

સબ જુનિયર બોઈઝમાં પ્રથમ હેમંગ પંડ્યા, દ્વિતીય સ્મિત ચૌધરી, તૃતીય રાજ પટેલ, જુનીયર ભાઈઓ પ્રેરક પટેલ, સાર્થક પી. રાવલ, પાર્થ ભૂમ્માણી. સીનીયર ભાઈઓમાં મહેતા જય, પ્રજાપતિ વિમલ, ચાવડા કરણજીસિંહ ઓપન ભાઈઓમાં સોલંકી મહેશભાઈ, સુમેશરા અનિકેત, પ્રજાપતિ મયંક વિજેતા જાહેર થયા હતા.

લાયન્સ પરિવાર દ્વારા કૃષ્ણ જન્માષ્ટમી યોજાશે

ગાંધીનગર, તા.૨૬

લાયન્સ પરિવાર ગાંધીનગર તથા ઓમ યુથ સર્કલ, સેકટર-૭/૨ દ્વારા જન્માષ્ટમીને ૨૮મીએ બુધવારે કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી સાંજે ૭.૩૦ કલાકે પરિમલ એપાર્ટમેન્ટ, સેકટર-૭ ગાંધીનગર ખાતે યોજાશે.

જન્માષ્ટમી નિમિત્તે કૃષ્ણ જન્મોત્સવ અંર્ગત કૃષ્ણની થીમ આધારીત ફેન્સી ડ્રેસ સ્પર્ધા યોજાશે જેમાં ૧ થી ૧૦ વર્ષના બાળકો ભાગ લઈ શકશે. ભાગ લેનાર બાળકોને તથા વિજેતાને સર્ટીફીકેટ, ગીફટ તેમજ ટ્રોફી એનાયત કરવામાં આવશે તેમજ જે બાળકો સ્પર્ધામાં ભાગ લેશે તેમને સર્ટીફીકેટ આપવામાં આવશે. લીઓ કલબ ઓફ ગાંધીનગરે જણાવ્યું છે કે, કૃષ્ણ જન્મોત્સવમાં મટકી ફોડ કાર્યક્રમ પણ હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવશે. આ કાર્યક્રમોમાં સર્વધર્મપ્રેમી અને શ્રદ્ધાળુઓને જોડાવા ખાસ જણાવાયું છે.

માઉન્ટ કાર્મેલ શાળામાં વૃક્ષારોપણ યોજાયું

ગાંધીનગર શહેરના સેકટર-૨૧માં આવેલી માઉન્ટ કાર્મેલ શાળામાં તાજેતરમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આજના ઉદ્યોગીકરણના જમાનામાં અને વૃક્ષોના વધતા જતાં વ્યાપારીકરણને લીધે વૃક્ષોની સંખ્યામાં ઘટાડો થયો છે અને પર્યાવરણને હાની પહોંચી છે. શાળાના ઈકો કલબના શિક્ષિકા હેમાંગિની દીપંકર અને પરિમીતાએ વિદ્યાર્થીઓને વૃક્ષોનું મહત્વ સમજાવ્યું હતું. ઈકો કલબનાં વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહભેર વૃક્ષો વાવી, ઉછેરની જવાબદારી લીધી હતી. શાળાના આચાર્યા સિસ્ટર રેણુકાના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમ સફળ રહ્યો હતો.

તરણેતરના મેળામાં ગ્રામીણ ઓલમ્પિકસ યોજાશે

ગાંધીનગર, તા. ૨૬

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા ૨૦૧૩-૧૪માં તરણેતર ખાતે લોકમેળામાં દસમા ગ્રામીણ ઓલમ્પિકનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. ગ્રામીણ ઓલમ્પિકસમાં ભાઈઓ માટે ટૂંકી દોડ, લાંબી દોડ, લાંબી દોડ ૩૦૦૦ મીટર, લાંબી કૂદ, ગોળા ફેંક, નારીયળ ફેક, કુસ્તી, વોલીબોલ, લંગડી, કબડ્ડી, રસ્સા ખેંચ, લાકડી ફેરવવી, ખાડના લાડવા ખાવાની હરીફાઈ, અશ્વ દોડ, બળદ ગાડાદોડ, વગેરે રમતો ભાઈઓ અને બહેનો માટે યોજાનાર છે. સીનીયર કોચ જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર સ્પોસ્ટ હોસ્ટેલ લીંબડી, જિ. સુરેન્દ્રનગર. તા. ૫મી સપ્ટેમ્બર સુધીમાં અરજીઓ મોકલવા જણાવવામાં આવે છે.

૨૮-૨૯ ઓગસ્ટે લઘુરૂદ્ર યોજાશે

ગાંધીનગર, તા. ૨૬

રૂદ્રાભિષેક મંડળના સભ્ય પરેશભાઈ પંડ્યા નિવાસ સ્થાને તા. ૨૮મી ઓગસ્ટના રોજ સેકટર-૨૯, પ્લોટ નં. ૨૭૫, લઘુરૂદ્ર રાખેલ છે. જ્યારે અરૂણભાઈ વ્યાસના નિવાસ સ્થાન સેકટર-૨૪ પ્લોટ નં. ૪૦૫, પ્રાથમિક સ્કુલ સામે તા. ૨૯મી સવારે લઘુરૂદ્ર રાખવામાં આવેલ છે. રૂદ્રાભિષેક મંડળ ગાંધીનગરના સહમંત્રી નરેન્દ્રભાઈ જાનીએ જણાવેલ છે.

જે.સી.આઈ. દ્વારા જન્માષ્ટમી ઉજવાશે

ગાંધીનગર, તા. ૨૬

જયશ્રી કૃષ્ણ પરિવાર સેકટર-૨૯ અને જે.સી.આઈ., ગાંધીનગર દ્વારા ૨૮મીને જન્માષ્ટમીના દિવસે શ્રીકૃષ્ણ જન્મોત્સવની સુંદર ઉજવણી કરવામાં આવશે.

ભગવાનશ્રી કૃષ્ણના જન્મ પ્રસંગને ઉજવવા માટે જયશ્રી કૃષ્ણ પરિવાર અને જે.સી.આઈ. દ્વારા સંગીતમય કાર્યક્રમ સાથે મટકી ફોડ, બેસ્ટ ડ્રેસ સ્પર્ધા, બેસ્ટ કનૈયા ડ્રેસ સ્પર્ધા અને ગરબા યોજાશે. રાત્રે ૮.૩૦ વાગ્યાથી ઓરકેસ્ટ્રાના સંગીતમય વાતાવરણમાં દહીં હાંડી ફોડવાનો કાર્યક્રમ યોજાશે. આ સાથે સાથે બાળકો માટે વિવિધ સ્પર્ધાઓ યોજાશે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે સૌને નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ અંગેના નામ નોંધાવવા અને વધુ વિગતો જાણવા પદમસિંહ ચૌહાણનો મો. નં. ૯૮૨૪૪૧૫૮૭૦પર સંપર્ક કરવાથી મળી શકશે.

આજે ટાઉન હોલમાં કૃષ્ણ ચરણામૃતમ

ગાંધીનગર, તા. ૨૬

ગુજરાત રાજય સંગત નાટક અકાદમી ગાંધીનગર દ્વારા તા. ૨૭ ઓગસ્ટના રોજ ટાઉન હોલ ગાંધીનગર ખાતે જન્માષ્ટમીની પૂર્વસંધ્યાએ ,૨ગમ નૃત્યો અને ગીતો સાથે સાંકળી લેતી નૃત્ય નાટીકા કૃષ્ણ ચરામૃતમનું આયોજન કરવામાં આવેલ છે. રસ ધરાવતાં પ્રેક્ષકોએ કાર્યક્રમમાં આમંત્રણ આપેલ છે.

આજનું શિક્ષણસૂત્ર – 'વધુ ખર્ચો તો વધુ ભણો'

કેમ્પસ
- ધ્વનિત પારેખ

ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ (આઇઆઇએમ) અમદાવાદની એક પ્રતિષ્ઠા આખા દેશમાં રહેલી છે અને આ રાષ્ટ્રીય સંસ્થામાં અભ્યાસ કરવા માટે દૂર દૂરથી વિદ્યાર્થીઓ અમદાવાદ આવતા હોય છે. આશિષ નંદા, હમણાં આ સંસ્થાના નવા ડાયરેક્ટર નિમાયા છે. આશિષ નંદા આ જ સંસ્થાના ભૂતપૂર્વ તેજસ્વી વિદ્યાર્થી હતા. આઇઆઇએમના ઇતિહાસમાં પહેલીવાર આવું બન્યું છે કે ભૂતપૂર્વ તેજસ્વી વિદ્યાર્થી ડાયરેક્ટર તરીકે પસંદ થાય. આશિષ નંદાએ હોદ્દો સંભાળતી વખતે શિક્ષણના હિતમાં જે વાત કરી એ અગત્યની છે. શિક્ષણનું ખાનગીકરણ અટકવું જોઇએ એ વાત ઉપર એમણે ભાર મૂક્યો હતો.

આઇઆઇએમ સંસ્થાના નવનિયુક્ત નિયામક જો શિક્ષણનું ખાનગીકરણ અટકવું જોઇએ એવી વાત ઉપર ભાર મૂકતા હોય તો એ વાત તથ્ય છે, એ સ્વીકારવું જોઇએ. શિક્ષણના ખાનગીકરણના ગેરલાભો આશિષનંદાએ જોયા હશે ત્યારે જ એ આ મતલબની વાત કરતા હશે. શિક્ષણની ખાનગીકરણની પ્રક્રિયા સામે છાશવારે ચર્ચાઓ અને વિવાદો થતા આવ્યા છે. પાનનાં ગલ્લા ખુલે એમ શૈક્ષણિક સંસ્થાઓ અસ્તિત્વમાં આવી રહી છે. સેલ્ફ ફાયનાન્સના નામે ધીખતો ધંધો શરૂ થયો છે. આશિષ નંદાએ પોતાની વાતમાં શિક્ષણનું વેપારીકરણ અટકાવવા ઉપર પણ ભાર મૂક્યો હતો.

શિક્ષણનું ખાનગીકરણ અને વેપારીકરણ આ બંને બાબતો સમજવા જેવી છે. ખાનગીકરણ અને વેપારીકરણ આ બંને ભિન્ન બાબતો છે પણ આજે શિક્ષણના ક્ષેત્રમાં એ એકબીજાનાં પર્યાપ બની ગયા છે. શિક્ષણના ક્ષેત્રમાં સરકાર કશું નવું ન કરી શકે અથવા તો નવી શૈક્ષણિક સંસ્થાઓ શરૂ કરવામાં સરકાર પીછેહઠ કરતી હોય ત્યારે ખાનગી સંસ્થાઓ શિક્ષણના હિતમાં સંસ્થાઓ શરૂ કરે એની સામે કોને વાંધો હોય? ખાનગી સંસ્થાઓ સમૃદ્ધ હોય અને સરકાર પર નિર્ભર ન હોય અને છતાં સરકારના નિયમોને અધીન રહીને શૈક્ષણિક સંસ્થાઓ શરૂ કરતી હોય તો એ શિક્ષણના હિતમાં જ છે. અહીં સુધી શિક્ષણના ખાનગીકરણ સામે કદાચ કોઇને આપત્તિ ન હોય પણ વાત અહીંથી અટકતી નથી પણ શરૂ થાય છે.

ખાનગી સંસ્થાઓ સરકાર પર નિર્ભર નથી હોતી ત્યારે એ મનસ્વી રીતે વિદ્યાર્થીઓ પાસેથી ફી વસૂલતી હોય છે. ચાલો ફીની રકમ તગડી હોય એને પણ આપણે નજરઅંદાઝ કરીએ પણ એની સામે શિક્ષણની ગુણવત્તા!? મોટા ભાગની ખાનગી સંસ્થાઓમાં શૈક્ષણિક સ્ટાફની અછત જોવા મળે છે. એની પાછળ પણ ઘણાં કારણો છે. શૈક્ષણિક સ્ટાફની પસંદગી પણ નિયમો નેવે મૂકવામાં આવે છે. જે સ્ટાફની પસંદગી થાય છે એને પૂરતો પગાર ચૂકવવામાં આવતો નથી. વળી, પસંદ થનાર ઉમેદવારને એની નોકરી ક્યાં સુધી ટકશે એની કોઇ ખબર આપવામાં આવતી નથી. આજે નોકરી ચાલુ છે અને કાલે સંસ્થા પાણીચું પકડાવી દે એવા ઘણા કિસ્સા જોવા-સાંભળવા મળે છે. ખાનગી સંસ્થાઓનો આ સૌથી મોટો ત્રાસ છે. મનસ્વી રીતે વિદ્યાર્થીઓ પાસેથી ફી વસૂલવામાં જરા પર પાછી પાની ન કરતી સંસ્થાઓ શૈક્ષણિક સ્ટાફને પગાર આપવાની બાબતે પાણીમાં બેસી જાય છે. વળી, ખાનગી સંસ્થાઓ શોષણ કરવાની બાબતે પણ અગ્રેસર હોય છે. નિર્ધારિત સમયથી વધુ કામ લેવું, ઓછો પગાર આપવો અને વધારે પગાર આપવો એવા લખાણ પર દબાણપૂર્વક સહી કરાવી લેવી, શિક્ષણની મુલવતા બાબતે લાપરવાહી - આ બધાં શિક્ષણનાં ખાનગીકરણને કારણે ઊભી થયેલી વિકરાળ સમસ્યાઓ છે.

ખાનગીકરણ ધીમે ધીમે વેપારીકરણમાં પરિવર્તિત થતું જાય છે. અભ્યાસ કરવા આવતા વિદ્યાર્થીઓની જગ્યાએ હરાજી થાય એમ વેચવામાં આવે છે. એની આર્થિક ક્ષમતા વધારે એને પ્રવેશ મળે પછી એની ગુણવત્તા સાથે કશી લેવાદેવા હોતી નથી. એવું જ શૈક્ષણિક સ્ટાફની પસંદગી વખતે થતું હોય છે. લઘુત્તમ લાયકાત ન હોય તો ચાલે પણ ખિસ્સું ગરમ હોવું જોઇએ. તમારી આર્થિક ક્ષમતા વધારે હોય તો તમને નોકરી મળવાના ચાન્સ વધારે છે. જરા વિચાર કરીએ મેડિકલ અને એન્જિયરિંગની સીટો પણ વેચાતી હોય તો એવા ડોકટર અને એન્જિનિયર પછી સમાજમાં કેવી અંધાધૂંધી મચાવશે એનો ખ્યાલ આવે છે ખરો? બાસ સાયન્સમાં માંડ પાસ થનાર રૂપિયાના જોરે ડોકટર બની જાય પછી એ પોતાના ગુમાવેલા રૂપિતા પાછા મેળવવાની પળોજળમાં દર્દીઓને લૂંટવા સિવાય બીજું શું કરવાનો?

શિક્ષણ એક પ્રોડક્ટ હોય એમ બજારીકરણનો રોપ એને પણ લાગી ગયો છે. ટૂથપેસ્ટની જાહેરાત થતી હોય એમ રીતસર શૈક્ષણિક સંસ્થાઓની જાહેરાતો થાય છે અને વિદ્યાર્થીઓ નહીં પણ ગ્રાહકોને આકર્ષવામાં આવે છે. એટલા જ નાણાં ચૂકવવાના આવે છે પણ શિક્ષણના ક્ષેત્રમાં એવું નથી અહીં તો રીતસરની હરાજી થાય છે અને જે વધારે ખર્ચી શકે એ આગળ ભણી શકે. સાંપ્રત શિક્ષણ પ્રવાહનું આ સૂત્ર બની ગયું છે કે 'વધુ ખર્ચો તો વધુ ભણી શકો' આ બધું જ શિક્ષણનાં ખાનગીકરણ, વેપારીકરણ અને બજારીકરણને આભારી છે. પણ આ બધામાં જે ખર્ચી નથી શકતો પણ ગુણવત્તા ધરાવે છે એનું શું? શિક્ષણનાં ખાનગીકરણે લાયકાત વિનાના શિક્ષણની લાયકાત વિનાની ઉમેદવારોની એક મોટી ફોજ ઊભી કરે છે એ ક્યાં જઇને અટકશે, એ કહી શકાય એમ નથી.